Permitted to post at Ahd. P.S.O. on Wednesday every week Under Regd No GAMC-1473/2014-2016 issued by SSP, Ahd. Valid




દર બુધવારે અમદાવાદથી પ્રસિદ્ધ થતું એક માત્ર નીડર સાપ્તાહિક

॥ શ્રી ગણેશાય નમઃ ॥

# મિર્ચી ન્યૂઝ

MIRCHI NEWS Visit us www.mirchinews.co.in

ભગવતી કોલ ડીપો
જલાઉ કોલસા તથા અર્થીંગ માટે ભૂકી-મીઠુ મળશે
શાકમાર્કેટ કોર્નર, નવા વાડજ, અમદાવાદ-૧૩
ઓગણજ સર્કલ, એસ.પી.રીંગ રોડ, અમદાવાદ
Mo : 98257 52787, 98799 55779

વર્ષ : ૨૧ ● અંક : ૧૪ ● સળંગ અંક : ૧૦૫૨ ● પ્રકાશિત તા-૧૨-૨-૨૦૨૫,બુધવાર ● RNI : GUJGUJ/2004/16263 ● GAMC NO. :1473/2014-16 ● કિંમત ૧/-રૂા. ● કુલ પાના : ૪

તંત્રી : ભાર્ગવ સુંદરમ (મો) : 9924004714 ● કાર્યાલય : ડી-૯/૧૦૦, નંદનવન એપાર્ટમેન્ટ, ભાવસાર હોસ્ટેલ પાસે, નવા વાડજ, અમદાવાદ-૧૩. ● વાર્ષિક લવાજમ રૂા.૧૦૦/-

# સરકારી કચેરીઓમાં હેલ્મેટ ડ્રાઈવ શરૂ કરાઈ

અમદાવાદ : ગુજરાત હાઈકોર્ટના કડક વલણ બાદ રાજ્યના ડીજીપી વિકાસ સહાયે સરકારી કચેરીના કર્મચારીઓ માટે હેલ્મેટ કાયદો ફરજીયાત કર્યો છે. ત્યારે આજથી ગુજરાતભરની સરકારી ઓફિસોમાં હેલ્મેટ ડ્રાઇવ શરુ કરવામાં આવી છે. સરકારી કર્મચારીઓને આજથી ટ્રાફિક પોલીસ નિયમોનું પાલન કરાવશે.

પ્રાપ્ત રિપોર્ટ મુજબ, રાજ્યના હૃઁ વિકાસ સહાયના આદેશ બાદ ગુજરાતભરની સરકારી ઓફિસોમાં હેલ્મેટ ડ્રાઇવ શરુ થઈ છે.જેથી આજથી સરકારી કચેરીમાં તમામ કર્મચારીઓમાં હેલ્મેટ ફરજીયાત કરવામાં આવ્યો હોવાથી જે પણ કર્મચારી હેલ્મેટ વગર આવશે તેમની સામે દંડ કરવામા આવી રહ્યા છે. આ માટે રાજ્યભરની તમામ સરકારી કચેરી અને ખાસ કરીને સચિવાલયર ગેટ બહાર ટ્રાફિક પોલીસ તૈનાત કરવામાં આવી છે.આ ટ્રાફિક પોલીસ સરકારી કચેરીના ગેટ પર જ સરકારી કર્મચારીઓનું ચેકિંગ કરી હેલ્મેટના નિયમોનું પાલન કરાવી રહી છે અને જે કર્મચારી હેલ્મેટ પહેરીને આવે છે તેમને ફુલ આપવામાં આવે છે અને જે હેલ્મેટ પહેર્યા વગર આવે છે તેમને દંડ કરવામાં આવી રહ્યો છે.

અમદાવાદ કલેક્ટર કચેરી બહાર ટ્રાફિક ડીસીપી સફીન હસન અને અન્ય પોલીસ કર્મીઓ દ્વારા ડ્રાઇવ યોજવામાં આવી હતી. આ ડ્રાઈવ દરમિયાન કલેક્ટર કચેરીમાં હેલ્મેટ વિના પ્રવેશતા કર્મચારીઓને ઈ-મેમો આપવામાં આવ્યો હતો. આ ઉપરાંત અમદાવાદ આરટીઓ કચેરીમાં પણ પોલીસની ડ્રાઇવ યોજવામાં હતી .અમદાવાદ મ્યુનિસિપલ કોર્પોરેશનની મુખ્ય ઓફિસના પરિસરમાં જ જન્મ-મરણ કોર્ટ અને ફૂડ વિભાગની કોર્ટ આવેલી છે. ત્યારે આ કોર્ટમાં આવતા વકીલો પણ હેલ્મેટ પહેર્યા વિના આવ્યા હતા. જેને ટ્રાફિક પોલીસ દ્વારા રોકીને દંડ ફટકારવામાં આવ્યો હતો.ખમાસા વિસ્તારમાં આવેલી અમદાવાદ મ્યુનિસિપલ કોર્પોરેશનની મુખ્ય ઓફિસ ખાતે હેલ્મેટ ડ્રાઇવ શરૂ કરવામાં આવી હતી.

પોલીસ કમિશનર કચેરીમાં એકલદોકલ લોકો આવતા જતા જોવા મળ્યા હતા. જેમાંથી મોટાભાગના લોકો નિયમોનું પાલન કરીને અંદર જઈ રહ્યા હતા. જ્યાં એક પોલીસની ગાડીના ડ્રાઈવરે સીટબેલ્ટ પહેર્યો નહતો, જેથી ગાડી ચાલકને રોકીને ઈ મેમો આપવામાં આવ્યો હતો.શાહીબાગના બહુમાળી ભવન ખાતે પણ ડ્રાઇવ યોજાઈ હતી.દરમિયાન ટ્રાફિક એસીપી ડી.એસ પુનડિયા અને મોટી સંખ્યામાં પોલીસ કર્મચારીઓ હાજર હતા. આ ડ્રાઈવ શરૂ થતાં જ બહુમાળી ભવનમાં આવનાર મોટાભાગના લોકો હેલ્મેટ વિના જ જોવા મળ્યા હતા.આ ઉપરાંત છસ્ઞ પશ્ચિમ ઝોન ઓફિસે કોઈ ડ્રાઇવ યોજાઈ નહિ

ઉલ્લેખનીય છે કે, રાજ્યમાં વધતા જતા અકસ્માતને લઈ હાઈકોર્ટમાં સુનાવણી દરમિયાન હાઈકોર્ટે પોલીસની આખરી ઝાટકણી કાઢી હતી અને હાઈકોર્ટે અકસ્માતથી બનતી ગંભીર ઘટનાઓ ઘટાડવા અસરકારક પગલાં લેવા પોલીસને નિર્દેશ કર્યો હતો.ત્યારે હાઈકોર્ટના હાઈકોર્ટના કડક વલણ બાદ રાજ્યના હૃઁ વિકાસ સહાયએ એક પરિપત્ર બહાર પાડ્યો હતો.જેમાં જણાવ્યું હતુ કે, રાજ્ય સરકારના તમામ સરકારી કર્મચારીઓને ફરજિયાત હેલ્મેટ પહેરવું પડશે. આ સાથે જે કોઈ પણ કાયદાનું ઉલ્લંઘન કરશે તેમની સામે કાયદેસરની કાર્યવાહી કરવાનો આદેશ પણ કર્યો છે.







જાહેરાત માટે સંપર્ક કરો, મો : ૯૯૨૪૦૦૪૭૧૪

# ગુજરાતમાં વરઘોડા કાઢવા મામલે માનવ અધિકાર આયોગે ફટકારી નોટિસ

**રિકંસ્ટ્રક્શનના નામે વરઘોડા મામલે મતમતાંતર સામે આવી રહ્યા છે. કોઈ વરઘોડાના પક્ષમાં વાત કરે છે. તો કોઈ તેના વિરોધમાં કોર્ટમાં અરજીઓ દાખલ કરે છે. અને હવે તેના જ વિરોધમાં ગુજરાત માનવ અધિકાર પંચમાં અરજી દાખલ કરવામાં આવી છે...**

અમદાવાદ : અમદાવાદ સહિત સમગ્ર ગુજરાતમાં અત્યારે વરઘોડા પ્રથા ચાલી રહી છે. જે આરોપી પકડાય તેનો રિકંસ્ટ્રક્શનના નામે વરઘોડો કાઢવાનો જ. પણ સરકારના આ પગલાંથી હજુ સુધી ગુનાઓ અટક્યા તો નથી જ. સાથે તેમાં વધારો થઈ રહ્યો છે. આ સાથે જ હવે આ મામલે ઘણા મતમતાંતર સામે આવી રહ્યા છે. કોઈ વરઘોડાના પક્ષમાં વાત કરે છે. તો કોઈ તેના વિરોધમાં કોર્ટમાં અરજીઓ દાખલ કરે છે. અને હવે તેના જ વિરોધમાં ગુજરાત માનવ અધિકાર પંચમાં અરજી દાખલ કરવામાં આવી છે. અને તે અંતર્ગત સુરત પોલીસ કમિશનરને નોટિસ ફટકારવામાં આવી છે. અને ૩૦ દિવસની અંદર અહેવાલ તૈયાર કરી પંચ સમક્ષ રજુ કરવાનો આદેશ કરવામાં આવ્યો છે.

મીડિયા રિપોર્ટ મુજબ, રાજ્યમાં નીકળતા વરઘોડા મામલે આજે ગુજરાત માનવ અધિકાર આયોગમાં એક ફરિયાદ દાખલ કરવામાં આવી હતી. જે અંતર્ગત હવે રાજ્યમાં જે વરઘોડા નીકળે છે, તેના પર રોક લાગવી જોઈએ તેવી માંગ કરવામાં આવી છે. અને આ મામલે સુરત CPને નોટિસ ફટકારવામાં આવી છે. જે અંતર્ગત હવે સુરત પોલીસ કમિશ્નરે હવે પોતાની સહી સાથે આ અહેવાલ રજુ કરવાનો થશે. આ પિટિશનમાં પાયલ ગોટીના વરઘોડા સહિતના મામલે જવાબ રજુ કરવો પડશે. ૩૦ દિવસમાં સુરત CPએ જવાબ રજુ કરવામાં આવશે.

ઉલ્લેખનીય છે કે, રાજ્યના ગૃહમંત્રી હર્ષ સંઘવીએ થોડા સમય પહેલાં જ ગાંધીનગરમાં એક કાર્યક્રમમાં કહ્યું હતું કે, રાજ્યના ઘણા લોકોને વરઘોડાથી બહુ વાંધો છે. હમણાં ગુજરાત પોલીસે નક્કી કર્યું છે. રાજ્યના સામાન્ય નાગરિકોને જો ટપોરી દ્વારા કોઈ રીતે હેરાન પરેશાન કરાશે તો તેના વરઘોડા તો જરૂરથી નીકળશે. આમતેમ દોડવાની ઘણી આદતો હોય પરંતુ, પોલીસ જોડે પાલો પડે તો ચાલવાની તો તકલીફ પડવી જ જોઈએ.

### સગાઈ તોડનાર પૂર્વ મંગેતરે દુષ્કર્મ આચર્યાની સ્યુસાઈડ નોટ મળી

# નારણપુરામાં ફિઝિયોથેરાપિસ્ટ યુવતીએ ક્લિનિકમાં કર્યો આપઘાત

અમદાવાદઃ શહેરના નારણપુરામાં વિસ્તારમાં ફિઝિયોથેરાપીસ્ટ ક્લિનિક પર સોમવારે વહેલી સવારે એક યુવતીએ ગળેફાંસો ખાઈને આત્મહત્યા કરી હતી. જે બાબતની જાણ પોલીસને થતાં પોલીસ ઘટનાસ્થળ પર પહોંચી હતી અને તપાસ કરતા યુવતી પાસેથી એક સુસાઇડ નોટ પણ મળી આવી હતી. જેમાં તેના પૂર્વ મંગેતરે તેની સાથે અવારનવાર મરજી વિરુદ્ધ દુષ્કર્મ આચર્યું હતું. બાદમાં તેને અન્ય યુવતી સાથે પ્રેમસંબંધ થતાં યુવતી સાથે સગાઈ તોડી નાખી હતી. જે બાબતનું યુવતીને લાગી આવતા સતત ડિપ્રેશનમાં રહેતી અને અંતે તેણે ગળેફાંસો ખાઈને આત્મહત્યા કરી લીધી છે.

પ્રાપ્ત રિપોર્ટ મુજબ, નારણપુરા વિસ્તારમાં આવેલા એક ક્લિનિકમાં બેચલર ઓફ ફિઝિયોથેરાપીસ્ટનો અભ્યાસ કરેલ ૨૩ વર્ષીય યુવતીએ આપઘાત કરી લેતાં ચકચાર મચી ગઈ હતી. યુવતીની જે યુવક સાથે સગાઇ થઇ હતી એ યુવક નાના ચિલોડાના રહેવાસી અને હોમિયોપેથિક ડોક્ટર હતો. જે કરાઈ પોલીસ એકેડમી નજીક પોતાનું ક્લિનિક ચલાવે છેપસગાઈ બાદ બંને એકબીજાને મળતા હતાં. ત્યારે યુવક યુવતી સાથે શારીરિક સંબંધ બાંધવાની માંગણી કરતો હતો. જો યુવતી ના પાડે તો તેની સાથે સગાઈ તોડી નાખવાની ધમકી આપતો અને તેની મરજી વિરુદ્ધ શારીરિક સંબંધ બાંધતો હતો.તેણે દુષ્કર્મ આચર્યા બાદ સગાઇ તોડી નાખતાં લાગી આવ્યું હતું. જેના પગલે યુવતીએ અંતિમ પગલું ભરી જીવનનો અંત આણ્યો હતો. ત્રણેક મહિના પહેલા યુવતીએ આ બાબતની જાણ તેના માતા-પિતાને પણ કરી હતી. પરંતુ અંતે યુવકે યુવતીના ફોન ઉપાડવાનું પણ બંધ કરી દેતા દશેક દિવસ પહેલા યુવતીના માતા-પિતાએ યુવકના માતા-પિતાને બોલાવીને આ બાબતની જાણ કરી હતી. જેથી તેમણે સગાઈ તોડી નાખી હતી. ત્યારથી યુવતી સતત ડિપ્રેશનમાં રહેતી હતી. સોમવારે વહેલી સવારે યુવતી શાહીબાગ એક પેશન્ટને ચેક કરવા માટે ગઈ હતી. ત્યારબાદ ઘણા દિવસથી નોકરીએ ગઈ ના હોવાથી નોકરીએ જવાનું કહીને ઘરેથી નીકળી હતી. પરંતુ ક્લિનિક પર પહોંચ્યા બાદ ફોન ના ઉપાડતા કે મેસેજનો જવાબ ના આપતા તેના માતા-પિતાએ અન્ય સ્ટાફ મારફતે ક્લિનિક પર તપાસ કરાવી હતી. જેમાં તેણે આત્મહત્યા કરી હોવાનું જાણવા મળ્યું હતું.

ઉલ્લેખનીય છે કે, ઘટનાની જાણ પોલીસને કરતા પોલીસે ગુનો દાખલ કરીને આરોપીની ધરપકડ કરી છે. યુવતીએ સુસાઇડ નોટમાં પણ યુવક સામે કાર્યવાહી કરવાની માંગ કરી છે. તેણે લખ્યું છે કે ''ઇન્ડિયામાં આવી ઘણી છોકરીઓ પર બળાત્કાર થતું હશે. એટલે પોલીસે કાર્યવાહી કરવી જોઈએ.''

# નવા વાડજમાં 'મહાત્મા ફ્લેટ રીડેવલપમેન્ટ પ્રોજેક્ટ'નો રંગેચંગે શુભારંભ કરાયો

અમદાવાદ : અમદાવાદમાં મોટા પાયે સોસાયટીઓનું રિડેવલપમેન્ટ થઈ રહ્યું છે. ત્યારે નવા વાડજ વિસ્તારમાં 'મહાત્મા ફ્લેટ રીડેવલપમેન્ટ પ્રોજેક્ટ' નો શુભારંભ કરાયો છે, તાજેતરમાં વિસ્તારના આગેવાનોની હાજરીમાં રંગેચંગે સોસાયટીના રીડેવલપમેન્ટનું ભુમીપુજન કરાયું હતું.

સોસાયટીના રીડેવલપમેન્ટના ભૂમિ પૂજન પ્રસંગે કથા અને આનંદનો ગરબો રાખવામાં આવ્યો, જેમાં દરેક સભ્યએ પરિવાર સહિત હાજરી આપી. ધાર્મિક પ્રસંગના અંતે સમૂહ ભોજનમાં મહાત્મા પરિવાર એક થાળીએ જમતો હોય તેવા દ્રશ્યો જોવા મળ્યા હતા.

૫૦ વર્ષથી ઉપરનું જૂનું બાંધકામ હોવાના લીધે મહાત્મા ફ્લેટના બાંધકામની હાલત ખૂબ કફોડી સ્થિતિમાં મુકાઈ ગઈ હતી. સીડીમાં મોટા મોટા ગાબડા, તિરાડો, ધાબે ટાંકીની બિસ્માર હાલત અને વ્યક્તિગત ફ્લેટમાં પણ પાણીના લીકેજ, મોટા મોટા પોપડા ખરવા જેવી અનેક સમસ્યાઓનો મહાત્માના રહીશો સામનો કરી રહ્યા હતા. મહાત્માના રહીશોની જાગૃતિ, એકતા અને દ્રઢ નિર્ધારના લીધે રીડેવલપમેન્ટની પ્રક્રિયા ખૂબ સરળતા અને સહજતાથી આકાર પામી. મુખ્ય કમિટીના સક્રિય પ્રયાસથી અનેક સારા અને નામાંકિત કહી શકાય તેવા બિલ્ડરોમાંથી Fortune Group ને રીડેવલપમેન્ટ માટે સર્વસંમતિથી પસંદ કરવામાં આવ્યું હતું.

Fortune 94 ના નામે આકાર પામી રહેલ મહાત્મા આપણા વિસ્તારના દરેક રીડેવલપમેન્ટ ઈચ્છતી સ્કીમો માટે પ્રેરણા સમાન છે. મહાત્માનું લોકેશન એ રીતે છે કે જયારે આ પ્રોજેક્ટ પૂર્ણ થશે ત્યારે તેના લીધે આપણા વિસ્તારની રોનક અને વેલ્યુ બંને વધી જશે. મિર્ચી પરિવાર વતી સહકાર અને એકતા સ્વરૂપ મહાત્મા રીડેવલપમેન્ટને ખૂબ ખૂબ શુભકામના અને સમૃદ્ધિની કામના..









# નારણપુરામાં હાઉસીંગની અનેક સોસાયટીઓ રિડેવલપમેન્ટના પંથે...!!

## ૨૦૧૬ થી ૨૦૨૨ સુધી માત્ર આંગળીના વેઢે ગણાય શકાય તેટલી હાઉસીંગ કોલોનીઓ રિડેવલપમેન્ટ પોલીસીમાં જોડાઈ, પરંતુ છેલ્લાં ૨૦૨૨થી ૨૦૨૫ હાલમાં સુધી ૨૭ જેટલી સોસાયટીઓ રિડેવલપમેન્ટ પોલીસીનો લાભ લઈ જોડાવવા તત્પર

MIRCHI NEWS EXCLUSIVE

(પ્રતિનિધી દ્વારા) અમદાવાદ : અમદાવાદ શહેરમાં ખાનગીમાં અનેક સોસાયટીઓ રિડેવલપમેન્ટની દિશામાં આગળ વધી રહી છે ત્યારે હાઉસીંગ બોર્ડની હાઉસીંગ કોલોનીઓમાં છેલ્લાં એકાદ-બે વર્ષોથી થોડીક જાગૃતિ આવી હોય તેવું જણાઈ રહ્યું છે.

પ્રાપ્ત વિગતો મુજબ, ગુજરાત સરકાર દ્વારા વર્ષ ૨૦૧૬માં રિડેવલપમેન્ટ પોલીસી લાવી છતાં ૨૦૧૬ થી ૨૦૨૨ સુધી માત્ર આંગળીના વેઢે ગણાય શકાય તેટલી હાઉસીંગ કોલોનીઓ રિડેવલપમેન્ટ પોલીસી જોડાઈ હતી.પરંતુ છેલ્લાં ૨૦૨૨થી ૨૦૨૫ હાલમાં સુધી અનેક સોસાયટીઓ રિડેવલપમેન્ટ પોલીસી લાભ લઈ જોડાવવા તત્પર છે.એક બાજુ વર્તમાન હાઉસીંગ કોલોનીઓ રોડ, લાઈટ, પાણી, પાર્કિંગ સહિત અનેક પ્રશ્નોને લઈને હાઉસીંગ રહીશો રિડેવલપમેન્ટ પોલીસીમાં જોડાવવા તૈયાર હોય તેવું જણાય રહ્યું છે.

સુત્રો પાસેથી મળતી માહિતી મુજબ, વસ્ત્રાપુરના આનંદ વિહાર એપાર્ટમેન્ટ, નારણપુરાના એકતા એપાર્ટમેન્ટ બાદ રિડેવલપમેન્ટ પોલીસી લાભ લેનાર નારણપુરાના રામેશ્વર એપાર્ટમેન્ટ,સુર્યા એપાર્ટમેન્ટ વી-૧, સુર્યા એપાર્ટમેન્ટ વી-૩, ૨૪-નિધિ એપાર્ટમેન્ટ, કિરણપાર્ક એપાર્ટમેન્ટ, પત્રકાર કોલોની, અમર-સુરમ્ય એપાર્ટમેન્ટ, નિધી એપાર્ટમેન્ટ (૧૦૦), શાસ્ત્રીનગર એસોસિયેશન-૬ યોજનાઓ ડીમોલિશ થઈ ગઈ છે.

જયારે નારણપુરામાં અભિષેક એપાર્ટમેન્ટ, શાંતિ એપાર્ટમેન્ટ, પુષ્પક એપાર્ટમેન્ટ, પરિશ્રમ એપાર્ટમેન્ટમાં રિડેવલપમેન્ટની પ્રક્રિયા અંતમાં હોવાની ચર્ચા છે.જયારે નવા વાડજમાં રાધાકૃષ્ણ, નારણપુરામાં અંબિકા એપાર્ટમેન્ટ, ગણેશ, શિવાલય, શ્રીનગર એપાર્ટમેન્ટના ટેન્ડર થઈ ગયા બાદ રહીશો સાથે વાટાઘાટો ચાલુ હોવાની ચર્ચા છે.આ ઉપરાંત અનેક સોસાયટીઓમાં રિડેવલપમેન્ટમાં જોડાવવા રહીશો માગણી કરી રહ્યા છે.

આ ઉપરાંત તાજેતરમાં નવા વાડજના નંદનવન એપાર્ટમેન્ટ સહિત નારણપુરાની પાંચ સોસાયટીઓના ટેન્ડર પ્રક્રિયા કરવામાં આવી હતી, ટુંક સમયમાં ડેવલપરની નિમણુંક કરીને આગળની કાર્યવાહી કરવામાં આવશે તેવું હાઉસિંગ બોર્ડના સુત્રો જણાવી રહ્યાં છે.

સાથે સાથે અનેક સોસાયટીઓ વર્તમાન રિડેવલપમેન્ટ પોલીસીમાં જોડાવવા તૈયાર નથી, અનેક લોકો વર્તમાન પોલીસીમાં ૪૦ ટકા વધારે બાંધકામ કરતા હજુ પણ વધુ બાંધકામ મળે તેવી માગણી કરી રહ્યા છે, કયાંક આ સિવાય પણ અન્ય પણ માંગણીઓ થઈ રહી છે જેને લઈને અનેક હાઉસીંગ કોલોનીઓના આગેવાનો અને રહીશો વર્તમાન રિડેવલપમેન્ટ પોલીસીમાં ફેરફાર કરવાની પણ માંગણી કરી રહ્યા છે અથવા તો ભવિષ્યમાં પોલીસીમાં ફેરફાર થશે એવું પણ ઈચ્છી રહ્યા છે ત્યારે સૌથી મોટો યક્ષ પ્રશ્ન એ થાય છે કે ઉપરોક્ત ૨૭ થી વધુ સોસાયટીઓ રિડેવલપમેન્ટ તરફ જઈ રહી છે ત્યારે ભવિષ્યમાં ગુજરાત સરકાર કે ગુજરાત હાઉસીંગ બોર્ડ વર્તમાન પોલીસીમાં ફેરફાર લાવે તેવી શક્યતાઓ કેટલી..? આગામી સમયમાં જો કોઈ ફેરફાર લાવે તો જે હાલમાં રિડેવલપમેન્ટમાં જઈ રહ્યાં છે એમને અન્યાય થશે ? આ સમગ્ર બાબતોનો વિચાર કરીને હવે હાઉસીંગના અનેક રહીશો મુંઝવણમાં છે તો અનેક રહીશો રિડેવલપમેન્ટ તરફ જવાનો અને નવા ઘરનો આશાવાદ સેવી રહ્યા છે.

### હાઉસિંગ બોર્ડની સોસાયટીઓ માટે રાહતના સમાચાર

## રિડેવલપમેન્ટમાં વધારાના બાંધકામ અંગેનો દંડ વસુલવામાં નહિ આવે..!!

અમદાવાદ : ગુજરાતમાં હાઉસિંગ બોર્ડના જુના મકાનોને રિડેવલપ કરવાનો મુદ્દો ઘણા સમયથી ગાજે છે. આવા ઘણા મકાનો હવે જર્જરિત હાલતમાં છે અને તેમનું રીડેવલપમેન્ટ કરવું જરૂરી છે, પરંતુ આ પ્રક્રિયામાં કેટલાક અવરોધ છે. રાજ્ય સરકાર હવે આ અવરોધ દૂર કરવા જઈ રહી છે. મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલની આગેવાનીમાં હાઉસિંગ બોર્ડના મકાનોના રીડેવલપમેન્ટમાં વેગ આવે તે માટે કેટલાક મહત્વપૂર્ણ નિર્ણયો લેવાય રહ્યા છે.

પ્રાપ્ત વિગતો મુજબ, ગુજરાત હાઉસિંગ બોર્ડ દ્વારા હાઉસિંગ બોર્ડની સોસાયટીઓન રહીશો માટે રાહત આપતો નિર્ણય લેવાયો છે, જે મુજબ, જે સોસાયટી કે કોલોની રીડેવલોપમેન્ટમાં આવતી હોય અને ૭૫% થી વધુ સભ્યોએ નોટરી સાથે સહમતી આપી હોય તેવી યોજનામાં જે સભ્યના દસ્તાવેજો બાકી હશે તેવા સભ્યોને દસ્તાવેજ માટે વધારાના બાંધકામ અંગેનો દંડ હવે થી વસુલવામાં નહિ આવે.તમને જણાવી દઈએ કે દસ્તાવેજ બાકી છે અને ગુજરાત હાઉસિંગ બોર્ડની અનેક સોસાયટી કે કોલોનીઓમાં મોટેભાગે વધારાનું બાંધકામ કરાયું છે ત્યારે આ નિર્ણય લોકો માટે ખુબ ઉપયોગી સાબિત થશે.

તમને જણાવી દઈએ કે આ અગાઉ ૨૫ ચોરસ મીટર સુધીના અનઅધિકૃત બાંધકામ વપરાશની ફી હવે જંત્રી દરના બદલે EWSમાં રૂ.૧૦ હજાર, LIGમાં રૂ. ૨૦ હજાર, MIGમાં રૂ. ૩૦ હજાર અને HIGમાં રૂ. ૬૦ હજાર પ્રમાણે લેવામાં આવતો હતો.આ ઉપરાંત ૨૫ ચોરસ મીટર કરતાં વધારે અનઅધિકૃત બાંધકામ વપરાશની ફી પણ જંત્રી દરને બદલે EWSમાં રૂ. ૨૦ હજાર, LIGમાં રૂ. ૪૦ હજાર, MIGમાં રૂ. ૬૦ હજાર અને HIGમાં રૂ. ૧.૨૦ લાખ નિયત કરાયો હતો.

આ અગાઉ પણ સરકારની સૂચનાથી ગુજરાત હાઉસિંગ બોર્ડ દ્વારા કેટલાક સુધારા થયા હતા. જેમાં હાઉસિંગ બોર્ડના મકાનોમાં મૂળ લાભાર્થી બાદ ઉત્તરોત્તર પાવર ઓફ એટર્નીના આધારે દરેક ટ્રાન્સફર દીઠ લેવામાં આવતી ટ્રાન્સફર ફી વન ટાઈમ વસૂલવામાં આવશે એવો નિર્ણય લેવામાં આવ્યો હતો.આ પ્રકારના નિર્ણયોથી જુના અને જર્જરીત મકાનોના રીડેવલપમેન્ટની પ્રક્રિયા ઝડપી બનશે.

# RERAની રીડેવલપમેન્ટ સોસાયટી સંબંધે નવી સ્પષ્ટતાઓ, જૂની સોસાયટીના સભ્યોને સાંભળી શકે છે

MIRCHI NEWS EXCLUSIVE

### નિર્ણયનગરમાં રીડેવલપમેન્ટ થયેલ એન્ટિલિયા એપાર્ટમેન્ટ કોમ્પ્લેક્સના બે સભ્યોએ વિવિધ ફરિયાદો સાથે RERAનો સંપર્ક કર્યો હતો, મુખ્યત્વે બિલ્ડરને તેમના વેચાણ કાર્યોને અમલમાં મૂકવા માટેના નિર્દેશોની માંગણી કરી હતી

અમદાવાદ : ગુજરાત RERAએ પોતાના અગાઉના બે ચુકાદાઓ કરતા તદ્દન વિરોધાભાસી નિર્ણય જાહેર કર્યો છે, અગાઉ એવી વ્યવસ્થાઓ હતી કે જો તમે રીડેવલપમેન્ટ થયેલી નવી સોસાયટીઓના રહેવાસી છો તો અગાઉની તમારી સોસાયટીના બિલ્ડર વિરુદ્ધ સેલડીડ સંબંધિત ફરિયાદમાં ન કરી શકો, હવે RERAએ આ સુકાદાઓ કરતા વિરુદ્ધનો નિર્ણય જાહેર કર્યો છે.

અમદાવાદ મિરરના રિપોર્ટ મુજબ, શહેરના નિર્ણયનગર વિસ્તારમાં રીડેવલપમેન્ટ થયેલ એન્ટિલિયા એપાર્ટમેન્ટ કોમ્પ્લેક્સના બે સભ્યોએ વિવિધ ફરિયાદો સાથે RERAનો સંપર્ક કર્યો હતો, મુખ્યત્વે બિલ્ડરને તેમના વેચાણ કાર્યોને અમલમાં મૂકવા માટેના નિર્દેશોની માંગણી કરી હતી. રેરાના સત્તાધિકારીએ ડેવલપરની દલીલને ફગાવી દીધી કે જૂના સભ્યો, રીડેવલપમેન્ટના કેસોમાં સહ-પ્રમોટર્સ હોવાને કારણે, ફરિયાદો નોંધાવી શકતા નથી.

આ ચુકાદો મેમનગરમાં મોના પાર્ક અને મણિનગરમાં તુષાર એપાર્ટમેન્ટને સંડોવતા અગાઉના નિર્ણયોથી વિદાય દર્શાવે છે, જ્યાં RERAએ જૂના સભ્યોને રાહત આપવાનો ઇનકાર કર્યો હતો. વર્તમાન સોમ ગોકુલ કો-ઓપરેટિવ હાઉસિંગ સોસાયટી કેસ (હવે એન્ટિલિયા), RERA એ નિર્ધારિત કર્યું કે જયારે પ્રોજેક્ટ્સ RERA-રજિસ્ટર્ડ હોય અને તેમાં વેચાણનું એક તત્વ સામેલ હોય ત્યારે તે દરમિયાનગીરી કરી શકે છે.

આ કેસમાં પ્રવિણકુમાર પટેલ અને પ્રતિક્ષા પટેલ સામેલ હતા, જેમણે તેમની ૮૪ સભ્યોની સોસાયટીના રીડેવલપમેન્ટમાં ભાગ લીધો હતો. ગુણાતીત ઈન્ફ્રાસ્ટ્રક્ચર પ્રાઈવેટ લિમિટેડે ૧૬૦ એપાર્ટમેન્ટ બાંધવાનો પ્રોજેક્ટ હાથ ધર્યો હતો. સભ્યોએ કાર્પેટ એરિયામાં ઘટાડો, નીચી ટોચમર્યાદા અને હલકી ગુણવત્તાની સામગ્રી અંગે ફરિયાદ કરી હતી, જયારે બિલ્ડરે RERAના અધિકારક્ષેત્રને પડકાર્યો હતો.

RERAના સભ્ય એમએ ગાંધીએ કાયદાની કલમ ૩(2C) નો ઉલ્લેખ કરીને નોંધ્યું હતું કે રીડેવલપમેન્ટ પ્રોજેક્ટ્સ RERAના કાર્યક્ષેત્રની બહાર ત્યારે જ આવે છે જયારે તેમાં નવા વેચાણ, બુકિંગ અથવા માર્કેટિંગનો સમાવેશ થતો નથી. મુંબઈ હાઈકોર્ટના મેક્રોટેક ડેવલપર્સ વિરુદ્ધ મહારાષ્ટ્ર રાજયના કેસનો સંદર્ભ આપતા, ગાંધીએ રજિસ્ટર્ડ પ્રોજેક્ટ્સ પર RERAના અધિકારક્ષેત્ર પર ભાર મૂક્યો, બિલ્ડરને ફરિયાદીઓ માટે વેચાણના ખતનો અમલ કરવાનો નિર્દેશ આપ્યો.

Digital India Power To Empower
ડીજીટલ સેવા એક જ સ્થળે...
શ્રી ચામુંડા ઈ-સુવિધા કેન્દ્ર
CSC E-GOVERNANCE SERVICES INDIA LIMITED
ડ્રાઈવીંગ લાયસન્સ | ઝેરોક્ષ-કલર ઝેરોક્ષ
સ્માર્ટ કાર્ડ | GST રજીસ્ટ્રેશન | આધાર કાર્ડ | પાન કાર્ડ
જીવન પ્રમાણપત્ર | ટુ વ્હીલર ઈન્શ્યુરન્સ | ઉદ્યોગ આધાર રજીસ્ટ્રેશન | પાસપોર્ટ
લેમીનેશન | ફોર વ્હીલર ઈન્શ્યુરન્સ | રેલ્વે/બસ/એર ટીકીટ બુકિંગ | ચુંટણીકાર્ડ
ઈ પ્રિન્ટ | લાઈફ ઈન્શ્યુરન્સ | આયુષ્માન કાર્ડ | બેન્કીંગ સર્વિસ
ચામુંડા શોપીંગ સેન્ટર, દેવપથ ફ્લેટની સામે, નવા વાડજ, અમદાવાદ.
email : esuvidhakendra17@gmail.com
M : 79903 53430


# નારણપુરામાં ઓલિમ્પિક સ્પોર્ટ્સ સંકુલનું ૯૫ ટકા કામ પૂર્ણ : લોકાર્પણની તૈયારી

અમદાવાદ : અમદાવાદ શહેર ઓલમ્પિક ૨૦૩૬ની યજમાની માટે થનગની રહ્યું છે. જેના માટે મ્યુનિસિપલ કોર્પોરેશન ધ્વારા પણ ખાસ સીટી પ્લાન તૈયાર કરવામાં આવ્યો છે. ઓલમ્પિક ૨૦૩૬ ની પ્રથમ તૈયારીના ભાગરૂપે નારણપુરા માં સ્પોર્ટ્સ સંકુલ બનાવવામાં આવ્યું છે જેનું ૯૫ ટકા કામ લગભગ પૂર્ણ થઈ ગયું છે તેમજ ટૂંક સમયમાં જ તેનું લોકાર્પણ કરવામાં આવે તેવી શક્યતા છે. નારણપુરામાં તૈયાર થયેલા સ્પોર્ટ્સ સંકુલની મુખ્ય વિશેષતાઓ તરફ જોવા જઈએ તો તેમાં એકવાટિક સ્વિમિંગ પુલ, સેન્ટર ફોર સ્પોર્ટ્સ એક્સેલેન્સ, ઇન્ડોર મલ્ટી સ્પોર્ટ્સ એરેના, કોમ્યુનિટી સ્પોર્ટ્સ સેન્ટર, કિડઝ ઝોન, ફિટ ઈન્ડિયા ઝોન તેમજ આઉટડોર સ્પોર્ટ્સ ની સુવિધાઓ ઉપલબ્ધ કરવામાં આવી છે. સ્વીમીંગ પુલ FINA નોર્મસ મુજબ તેમજ FINA Partnered Technology MYRTHA Poolsનો બનાવવામાં આવ્યો છે. આ બ્લોકમાં ૫૧.૫ X ૪ X ૩ મી. નો કમપીટેશન પુલ બનાવવાનો આયોજન કરેલ છે, જે FINA નોર્મસ મુજબ સાઈઝ છે. સ્વીમીંગપુલમાં આર્ટીસ્ટીક તથા વોટરપોલો તરીકે વપરાશ કરી શકાશે તેમજ ૨૨ X ૨૫ X ૫ મી. નો ડાઈવીંગ પુલ છે. તેમજ સદર બ્લોકમાં પ્રેક્ષક ગેલેરી ૧૫૦૦ પ્રેક્ષકોની છે. સેન્ટર ઓફ એક્સેશન્સમાં ૪૨ મી. X ૨૪ મી. ના મુખ્ય જીર હોલ કે જેમાં ૦૨ બાસ્કેટ બોલ કોર્ટ. ૦૨ વોલીબોલ કોર્ટ અથવા ૦૮ બેડમીન્ટન કોર્ટ તરીકે એક જ સમયે વપરાશ થઇ શકશે. આ હોલ એવી રીતે ડીઝાઇન કરેલ છે કે ઉપરોક્ત જણાવેલ રમતોની આંતરરાષ્ટ્રીય કક્ષાની સ્પર્ધા યોજી શકાશે. આ સેન્ટરના મલ્ટી સ્પોર્ટસ હોલમાં ૦૨ ટેકવાન્ડો કોર્ટ અથવા ૦૨ કગડી કોર્ટ અથવા ૦૨ રેસલીગ અથવા ૧૨ ટેબલટેનીસ મેચ એક જ સમયે યોજી શકાશે. આ કોમ્પલેક્ષમાં ખેલાડીઓ માટે લોન્જ સાથેનું ૦૧ સ્પોર્ટસ સાયન્સ અને ફીટનેસ સેન્ટર, ચેન્જ રૂમ, લોકર્સ, ઈકવીપમેન્ટ સ્ટોર, મેડીકલ સર્વિસ સ્ટેશન, ઓડીયો-વિડીયો ફેસીલીટી સાથેનો ટ્રેનિંગ રૂમ, વહીવટી ઓફીસ બનાવવામાં આવી છે. વધુમાં આ સેન્ટરમાં કોચ માટે ૦૮ (ભલરૂમ, ખેલાડીઓ માટેના ૧૦૦ ટ્રીપલ બેડ રૂમ તેમજ ૧૫૦ કોર્પોરેટ માટેના ડાઈનીગ હોલનો સમાવેશ છે.સાર અરેનામાં ૮૧ મી. X ૪૫ મી. સાઈઝના વિશાળ હોલમાં વિવિધ આંતરરાષ્ટ્રીય કથાની ઓલીમ્પી સહીત ઈવેન્ટ કરવામાં આવશે. (એક સમયે એક રમત) કુલ ૧૬ બેડમીન્ટન કોટ, ૦૪ બાસ્કેટબોલ કોટ, ૦૪ વોલીબોલ કોટ અને ૦૪ જીમ્નેસ્ટીક કોટ છે. આ ઉપરાંત તેમાં કબડ્ડી, ટાઈકવોન્ડો, કુસ્તી અને ટેબલ ટેનીસ માટે મલ્ટી પર્પઝ હોલની પણ સુવિધાનો સમાવેશ કર્યો છે. જેમાં એક સાથે ૫૨૦૦ પ્રેક્ષકો મેચ નિહાળી શકે તે મુજબનું આયોજન કરવામાં આવ્યું છે. આ ઉપરાંત વોર્મ અપ એરિયા, ખેલાડીઓ, જજીસ, કોચ, રેફરી અને વી.આઈ.પી. માટે લોન્જ એરિયા, સેન્ટ્રલ એડમીન ઓફીસ, સ્પોર્ટ્સ ફેડ્રેશન માટેનો રૂમ, મેંડીકલ સર્વિસ સ્ટેશન, મીડીયા રૂમ, કોલ રૂમ, તદઉપરાંત મીડીયા અને અન્ય ટેક્નીકલ, ઓપરેશન સુવિધા માટેના રૂમની વ્યવસ્થા કરવામાં આવી છે. સંકુલમાં CE બેડમીન્ટન કોર્ટ, OF ટેબલટેનીસ, CF કેરમ ટેબલ, ૦૯ ચેસ, સ્નુકર અને બિલિયર્ડના ૧૦ ટેબલ નો સમાવેશ કરી શકે તેવો મલ્ટીપરપઝ હોલ બનાવવામાં આવ્યો છે. જેની પ્રેક્ષક ગેલેરી ૩૦૦ પ્રેક્ષકોની છે. તેમજ ઈન્ડોર શુટીગ રેન્જ માટે પણ આયોજન કર્યું છે તથા કેફેટેરીયા,લાઈબ્રેરી જીમ એરીયા વગેરેની વ્યવસ્થા પણ છે. આ કોમ્યુનીટી સ્પોર્ટસ કોમ્પલેક્ષ અમદાવાદના શહેરીજનોને સ્પોર્ટસ તરફ વાળવા માટે ખુબ જ ઉપયોગી થશે. સીનીયર સીટીઝન માટે સીટીગ એરીયા યોગા લોન સાથે તેમજ તમામ શહેરીજનોને ઉપયોગ માટે પ્લાઝા કેમ સ્કેટીગ રીઠ, કબડી, ખો-ખો સાઉન્ડ, ચીલ્ડન ઝોન, આઉટડોર જીમ અને જોગીંગ ટ્રેકનો સમાવેશ કરવામાં આવ્યો છે. સ્પોર્ટસ કોમ્પલેક્ષમાં આઉટડોર સ્પોટર્સ માટે OF ટેનીસ કોર્ટ, ૦૧ બાસ્કેટબોલ કોર્ટ, ૦૧ વોલીબોલ કોર્ટનો સમાવેશ કરવામાં આવેલ છે. આ સ્પોર્ટસ કોમ્પ્લેક્ષમાં ૮૦૦ ટુ-વ્હીલર અને ૮૫૦ ફોર-વ્હીલર ના પાક'ગની વ્યવસ્થા કરવામાં આવી છે. ઓલિમ્પિક ૨૦૩૬ને ધ્યાનમાં લઈ બનાવવામાં આવેલા નારણપુરા સ્પોર્ટસ કોમ્પલેક્ષ માટે પ્લોટ એરીયા ૭૭, ૪૭૭ ચો.મી. પર તે મુજબનું પ્લાનીંગ અને ડિઝાઈનીગ કરવામાં આવ્યા છે. આ પ્લોટ એરીયા પર ૯૮૫૭૮ ચો. મી.બીલ્ટ અપ એરીયા મુજબ તેમજ પ્લીન્થ એરિયા રેટ ".એસ.આર.૨૦૨૦ રૂા. ૫૯૩.૯૯ કરોડનું એસ્ટીમેટ રજુ કરવામાં આવ્યો હતો. આ અંદાજ મીનીસ્ટર ઓફ યુથ, અફેર્સ અને સ્પોર્ટસ ભારત સરકાર દ્વારા રૂા.૫૮૩.૯૯ કરોડનું બજેટ મંજુર કરવામાં આવ્યું હતું. તેમાં જે વધારો થયો છે તે તમામ ખર્ચ રાજય સરકાર તેમજ કેન્દ્ર સરકારની ગ્રાન્ટ હેઠળ કરવામાં આવશે. સ્પોર્ટ્સ સંકુલ પ્રોજેકટ માટે બજેટ મંજુર થયા બાદ વધુ જમીનની ફાળવણી થતા પ્રોજેકટ માટે ફાળવેલ કુલ પ્લોટ એરીયા ૭૨,૫૦૦ ચો.મી. થી ૮૨,૫૦૭ ચો.મી. થઈ હતી અને તે મુજબ બિલ્ટ અપ એરીયા માં પણ ખુબજ વધારો થતા આર્કીટિકટ દ્વારા તે મુજબ પ્લાનીંગ અને ડીઝાઇનમાં સ્પોર્ટસ ઓથોરીટી ઓફ ઈન્ડીયાના વખતોવખતના સૂચનો મુજબ ફેરફાર અને સુવિધાઓમાં વધારો કરવામાં આવ્યો હતો. જે મુજબ નવા ઉપ્લબ્ધ થયેલ પ્લોટ મુજબ ડીઝાઈન કરતાં સુંદર આર્કિટેક્ટ દ્વારા ૧,૧૫,૭૩૬ બિલ્ટ એરીયા મુજબ ડીઝાઈન કરવામાં આવી હતી જે અગાઉ મંજુરી સમયે બિલ્ટઅપ એરીયા કુલ ૯૮,૫૭૮ ચો.મી. નો હતો.આંતરરાષ્ટ્રીય સ્પોર્ટસ કોમ્પલેક્ષનું ખાતમુહુર્ત ૯ મે ૨૦૨૨ના રોજ કેન્દ્રીય ગૃહ અને સહકાર મંત્રી અમિતભાઈ શાહ દ્વારા કરવામાં આવ્યું હતું. સ્પોર્ટસ કોમ્પલેક્ષ માટે ઈન્ડોર સ્પોર્ટસ એરેનામાં ઓલિમ્પિક યોજવા માટે બ્લોક-બી અને સી વચ્ચે સેનેટાઈઝ પેસેજ ઉમેરવામાં આવ્યા હતાં. જેના કારણે રિવાઈઝ ટેન્ડર રકમ રૂા.૫૯૦.૪૫ કરોડ થઈ હતી.




શ્રી સમસ્ત ગુજરાત બ્રહ્મ સમાજ અમદાવાદ વિભાગ-૪ દ્વારા સમૂહ જનોઈ નો કાર્યક્રમ તારીખ ૯ ૨ ૨૫ ને રવિવારના રોજ શાંતારામ હોલ રાણીપ ખાતે યોજાયેલ જેમાં ૩૩ બટુકોએ યજ્ઞનો પવિત્ર ધારણ કરેલ બ્રહ્મ સમાજના અગ્રણીઓ તેમજ બ્રહ્માના ભાઈઓ બહેનો મોટી સંખ્યામાં હાજરી આપેલ તેમ સંસ્થાના પ્રમુખ શ્રી કનુભાઈ રાવળે જણાવ્યું હતું




nted at Shree C
ished from D-2
ditor - BHARGA